# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૪ ● સળંગ અંક : ૨૧૯ ● તા.૧૩ થી ૧૯ ઓગસ્ટ ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




સાંધાણ તીર્થ



કોઠારા તીર્થ



નલીયા તીર્થ



જખૌ તીર્થ




સુથરી મહાતીર્થ



તેરા તીર્થ

# અબડાસાની પંચતીર્થી શ્રદ્ધાળુ ભક્તોને દિવ્યતા અને ભવ્યતાના દર્શન કરાવે છે


DON'T
Compromise!
HEALTH INSURANCE
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવન એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો

જન્મ અને જીવનાંત વચ્ચેનો સમય એટલે જીવન, જિંદગી, અસ્તિત્વ, હયાતી. જન્મ પામેલ જીવ સમય જતાં વિકસતો, સમજતો થાય છે. વિવિધ શક્તિઓ પ્રાપ્ત કરે છે જ્ઞાન, શિક્ષણ મેળવી નવું સર્જન કરવા કાબિલ બને છે અને પછી શાંત થઈ જાય છે. આ છે જિંદગીની યાત્રા, એક જીવના ઉદય અને અસ્ત, એક સમુદ્રની અથાગ તોફાની લહેરની ભરતી અને ઓટની કથની. જીવ જન્મ લે છે ત્યારે શ્વાસ ધબકે છે અને શ્વાસ વિરમે છે એટલે જીવ અંત પામે છે. માણસ જાય છે પણ પાછળ મૂકી જાય છે, સ્વયં સત્કાર્યની સુવાસ. આખી જીવન યાત્રા દરમ્યાન તેણે કરેલા કાર્યોની સુગંધ કે બદકાર્યોની બદનામી પાછળ મૂકી જાય છે. એણે કરેલા સર્જન એનું નામ, એનો વંશ આગળ વધારે છે. એણે કરેલા સર્જન આ જીવનમાં તેના નામ, તેના કર્મને લીધે સરળ, સફળ કે વિફળ બનાવે છે.

જન્મ અને મૃત્યુનું આ ચક્ર સતત ચાલ્યા કરે છે. તેનો કોઈ અંત નથી, તેને કોઈ વિરામ નથી. જન્મ વખતે જીવ રડે છે અને પરિવાર ખુશ થઈ હસે છે. જ્યારે અંત સમયે જીવ હસતો હોય છે અને પરિવાર દુઃખને શોકમાં રડે છે. આ હસી-ખુશી અને રૂદનનો ખેલ છે અને આપણે સૌ એમાં ભાગ લેતા કલાકારો. જન્મ થાય એની સમજ-જાણ હોય છે પણ નિશ્ચિત વાર તારીખને સમય ખબર નથી હોતી. જ્યારે મૃત્યુ ક્યારે થશે, શાને કારણે થશે એની સુદ્ધા કોઈને અણસાર અગમચેતી નથી હોતી. જન્મ અને મૃત્યુ વચ્ચે કેટકેટલી યાત્રા, સફર થઈ હોય છે. એક સ્થળે જન્મ પામેલ જીવ ક્યારે અને ક્યાં મૃત્યુ પામશે એ નક્કી નથી હોતું. આ અનંત સફર દરમ્યાન કેટ કેટલાં કર્મ, કાર્યો અને સંબંધના તાણાવાણા જોડ્યા કે તોડ્યા હશે.

આ સૃષ્ટિ પરમાત્માનું સર્જન છે. તેમ અહીંયા નાના મોટા જીવ-જંતુ પણ એણે રચેલો ક્રમ છે. નવજાત જીવમાંનું ગર્ભમાં પોષણ એની માતા દ્વારા થાય છે. સંસારમાં આવતા ક્રમશ એની શક્તિને ક્ષમતા બીજાના આધારિત હોય છે. આસ્તે આસ્તે પોતાની રીતે સક્ષમ થાય છે. શારીરિક રીતે સ્વસ્થ અને માનસિક રીતે સુદ્રઢ બને છે. સંપૂર્ણ વિકસીત પછી ધીમે ધીમે અસ્તાચળ ભણી આગળ વધે છે. જેમ જેમ તેની શક્તિઓ વિકસી હતી એમ એમ તેની શક્તિઓ ક્ષીણ થતી જાય છે. આ વૃદ્ધાવસ્થા છે. શારીરિક અસ્ત અવસ્થા છે. ઉંમર વધે તેમ તેમ વૃદ્ધાવસ્થા નાના બાળકની જેમ થઈ જાય છે. પ્રવાહી ખોરાક, બીજાને આધારિત જીવન વિતે છે. આમ જીવનની અંતિમ અવસ્થા નવજાત શિશુની જેમ થાય છે. બંન્ને અવસ્થા અશક્ત અને લાચાર. બાળકનું મન તેનું હાસ્ય નિર્દોષ ભોળું હોય છે. જ્યારે વુદ્ધજનના મનમાં સ્નેહીજનો પ્રત્યેના ગમા અણગમા અને અટંસ બંધાઈ હોય છે. જે ભૂલી ભૂલાતી નથી, છૂટતી નથી. શિશુનો ક્રમશ વિકાસ થતો હોય છે. જ્યારે વૃદ્ધની અંતિમ અવસ્થા અસ્તાચળ ભણી ગતિ કરતી હોય છે. આમ જીવન વિકાસ અને અંત ભણી આગળ વધતો પ્રવાસ છે. માત્ર સારા કરેલા કાર્યો પરકાજે કરેલ કામો, અન્યને ઉપયોગી થઈએ એવું જીવન આપણી પાછળ સ્મૃતિશેષ રહે છે. ઉત્તમ રીતે જીવયા હોઈ તો સૌની સ્મૃતિમાં રહીએ. સારા કર્મ સંભારી આપણને કોઈ યાદ કરે કે ન કરે આપણે અંત સમયે સંતોષ પામીએ તો એ ઘણું.

– જય જ્ઞાતિમૈયા

# સફળતાનો રાહ



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

માણસ પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા છે. સુખદુઃખ, સારું-નરસું, સફળતા-નિષ્ફળતા, નિર્માણ કરવી આપણા હાથમાં છે. આપણે કંઈ રીતે આગળ વધવું, કંઈ રીતે વિકાસ કરવો તે આપણે પોતે નક્કી કરવાનું છે. સરળ, સપાટ અને સુખદાયક રાહ નિર્માણ કરવું આપણા હાથમાં છે. દરેક વ્યક્તિની ક્ષમતા અને શક્તિ ભિન્ન હોવાની. કેટલાકને સફળતા જલ્દી મળે છે, તો કોઈને ભારે મહેનત કર્યા પછી. જીવનમાં પુરૂષાર્થ જરૂરી છે પણ ક્યાં, કેટલો અને કેવી રીતે કરવો તેમાં ડહાપણ, નિર્ણય શક્તિ અને સમજ હોવી જરૂરી છે. કોઈપણ બાબતે આંધળિયું કરવું, સાહસ કે અવિચારી કર્મ કરવું પછી જે પરિણામ આવે એ આપણને ભોગવું રહ્યું. આપણે જેવા છીએ એવા જ રહેવું જોઈએ. એ જ ઠીક છે. બીજા જેવા બનવાનો મોહ કે ખ્યાલ છોડી દેવો જોઈએ અને આપણી સમજણ, શક્તિ અને સામર્થ્ય મુજબ આગે કદમ કરવું જોઈએ.

ઈશ્વરે દરેક માણસને કંઈક વિશિષ્ટ શક્તિ આપી છે. આ શક્તિને શોધી ને યોગ્ય કામે લગાવી એ ડહાપણનું કામ, જાત અનુભવ અને જાત જ્ઞાન વિના ડહાપણ અને શાણપણ મળતું નથી. ખરું જોઈએ તો ઠોકર લાગ્યા પછી જ સાચો રસ્તો સૂઝે છે. એટલે જ જ્ઞાનીઓ કહ્યું છે કે પોતાના જીવનમાંથી શીખવાનું છે, સમજવાનું છે. અનુભવ એ જ જ્ઞાન બોધની સરિતા છે. કોઈપણ બાબતમાં વગર વિચારે કૂદકો મારવાથી આગળ વધવાને બદલે બગડી જવાની વધુ સંભાવના રહે છે. એટલે સર્વ પ્રથમ આપણે આપણી શક્તિને ઓળખવી જોઈએ. નહિંતર ચકલી નાની ને ફૈડકો મો'ટો એના જેવો તાલ થાય, તમાશો થાય.

આપણી સફળતા અને નિષ્ફળતા માટે આપણે પોતે જવાબદાર છીએ આગેકૂચ કે પીછેહઠ માટે બીજો કોઈ દોષિત નથી. આપણી ભૂલનું, ક્ષતિનું અને ઉણપનું એ પરિણામ હોય છે. એ મોકળે મને સ્વીકારવાની આપણી ખેલદિલી હોવી જોઈએ. સફળતાનો શ્રેય લેવા આપણે તૈયાર હોઈએ છીએ તો નિષ્ફળતાને માટે કોઈ બહાના ગોતીએ કાં દોષનો ટોપલો બીજા પર ઢોળી દેવા તત્પર રહીએ છીએ કે આ મારી આડે આવ્યો, મારી સામે અવરોધ સર્જ્યો કે મારી વિરૂધ્ધ બોલી જીતેલી બાજી બગાડી. ફલાણાએ વિશ્વાસઘાત કર્યો કે ઢીકણાએ મિત્રદ્રોહ કર્યો. ખરે ટાંકણે દગો આપ્યો. આ ફાંફાં આપણી પોતાની નિષ્ફળતાને છૂપાવવા માટે હોય છે. સત્યને શોધવાના નથી હોતા. મનને મનાવવાના કે નિષ્ફળતાનો ટોપલો અન્ય પર ઢોળી દેવાના હોય છે.

હું પોતે જ મારી નિષ્ફળતા માટે દોષિત છું એ લાઈન પકડીને જો પોતે જ પોતાની રીતે વિફળ જવાના કારણો શોધી કાઢીને આગળ વધવાનો જુસ્સો ટકાવી રાખે તો ભૂલને સ્વીકાર્યા પછી પણ અવલ જ રહે છે, અડીખમ રહે છે, અતૂટ રહે છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# અબડાસાની પંચતીર્થી શ્રદ્ધાળુ ભક્તોને દિવ્યતા અને ભવ્યતાના દર્શન કરાવે છે

દેશના પશ્ચિમ છેડે આવેલા અબડાસા તાલુકામાં જૈન ધર્મમાં જેનો અનેરો મહત્વ આપવામાં આવે છે તેવી મોટી પંચતીર્થી કોઠારા, તેરા, નલિયા, જખૌ અને સાંધાણ તથા મહાતીર્થ સુથરી આવેલા છે. આ સિવાય અબડાસાના શતાબ્દી વટાવી ચૂકેલા અન્ય પાંચ ગામોના દેરાસરો વાંકુ, વાડાપધ્ધર, પરજાઉ, લાલા અને રાપરગઢવાળીમાં છે, જેને નાની પંચતીર્થી કહેવાય છે. સમગ્ર વિશ્વમાં કચ્છી દશા ઓસવાલ જૈન સમાજની હાલની વસતી અંદાજે ૩૦ હજારની આસપાસ છે. તો હાલ અબડાસા તાલુકામાં માત્ર ૩૦૦ આસપાસ રહી છે. સમાજના બાકીના લોકો શિક્ષણ, આરોગ્ય, તેમજ ધંધા-રોજગાર માટે દેશ-પરદેશમાં વસવાટ કરે છે. પરંતુ ચાતુર્માસ તથા ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગોએ દેશ અને વિદેશમાં વસતા ભાવિકો આરાધના માટે માદરે વતન આવે છે. આ સાથે ભારતભરમાંથી જૈન ધર્મના ભાવિકો અબડાસાની આ પંચતીર્થીના દર્શનાર્થે અચુક આવે છે. આ પંચતીર્થીના દેરાસરો અતિ પ્રાચીન હોવાની સાથે કલાત્મક છે. જેના કારણે આ ભવ્ય દેરાસરોની મહત્વતા વધી જતી હોવાનું રાજેશ લખમશી મોતાએ જણાવ્યું હતું. નલિયા ખાતે હાલ ચાતુર્માસ માટે બીરાજમાન પ.પૂ.શ્રી મલયસાગરજી મ.સા. અને પ.પૂ.શ્રી મૂનિરાજ રત્નાકરસાગરજી મ.સા.એ પંચતીર્થીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું. કે નવકાર મંત્રમાં આવેલા પાંચ પદોનું અનેરો મહિમા છે. તેથી પાંચ અંકને શુભ માનવામાં આવે છે. જેથી અતિ પ્રાચીન પાંચ દેરાસરો જે જગ્યાએ નજીકમાં આવેલા હોય તેને પંચતીર્થી કહેવામાં આવે છે.

**સાંધાણ તીર્થ :** મૂળનાયક શાંતિનાથજી તથા અન્ય નવ ટૂંકની સ્થાપના વિક્રમ સંવત ૧૯૧૦માં કરવામાં આવી હતી. નવ ટૂંક ધરાવતા આ દેરાસરમાં પ્રવેશતા જ શંત્રુજ્ય પર્વત ઉપર આવેલા નવ ટૂંક જેવું દ્રશ્ય આપને જોવા મળે છે. વર્ષો પૂર્વ સાંધાણ ધિકતું બંદર હતું. જેને આરબો સિદ્ધાન બંદર તરીકે ઓળખતા. 'તિલક' ટૂંક તરીકે પણ આ જિનાલય ઓળખાય છે.

**કોઠારા તીર્થ :** મૂળનાયક શાંતિનાથ ભગવાન શ્વેત વર્ણમાં છે. આઠ શિખરવાળા આ ગગનચુંબી દેરાસરનાં શિખરો, રંગમંડપ, તોરણો, સ્તંભો વગેરેની શિલ્પકલા અદ્ભૂત છે. અહીંની પ્રતિમાઓની કલા જોવા જેવી છે. વિક્રમ સવંત ૧૯૧૮ના સ્થાપના પામેલા આ જિનાલય શેઠ વેલજી માલુ, શેઠ શિવજી નેણશી તથા કેશવજી નાયક દ્વારા બંધાયેલું છે. આબુમાં આવેલા દેરાણી-જેઠાણીના ગોખલાની આબેહુબ પ્રતિકૃતિ અહીં છે.

**નલિયા તીર્થ :** મૂળનાયક ચંદ્ર પ્રભુજી તથા શાંતિનાથજીને અગિયાર દેરીઓ પરોણા મળી તથા અષ્ટાપદજીનું અજોડ બેનમૂન દેરાસર નલિયામાં આવેલું છે. ૬૮ ફૂટની ઊંચાઇ ધરાવતું અષ્ટાપદજીનું દેરાસર કચ્છમાં બીજે ક્યાંય નથી. વિક્રમ સવંત ૧૮૯૭ના સ્થાપના પામેલા આ જિનાલય શેઠ નરશી નાથા, શેઠ હરભમ નરશીનાથા તથા શેઠ ભારમલ તેજશી દ્વારા બંધાયું છે.

**જખૌ તીર્થ :** સ્થાપના વિક્રમ સવંત ૧૯૫૦ કરાઈ છે. મૂળનાયક મહાવીર સ્વામીની સુંદર પ્રતિમા ધરાવતું વિશાળ સંકુલ છે. ઉત્તુંગ શિખરો દૂરથી જ ભાવિકોમાં શ્રદ્ધા જગાવે છે. આ દેરાસરજીને 'રત્નટૂંક'ની ઉપમા આપી છે. આ જિનાલય શેઠ ભીમશી રતનશીએ બંધાવેલું છે.

**સુથરી-મહાતીર્થ :** શેઠ ગુર્જર પરસોત્તમ જેઠા તથા મેઘજી ઊડિયા દ્વારા સવંત ૧૮૯૫ના મૂળનાયક ઘૃતકલોલ પાર્શ્વનાથજીના દેરાસરજીનું નિર્માણ થયુ છે. તીર્થના મૂળનાયક ઘૃતકલોલ પાર્શ્વનાથજીની પ્રતિમા ઘણી જ ચમત્કારી ગણાય છે. એક વખત જમણવાર સમયે ઘી ખૂટી પડવાથી શેઠએ પ્રતિમાજીને ઘીના ઠામમાં મૂકી દેતા એ ઠામમાંથી ઘી ખૂટ્યું જ નહીં અને આખું સંઘનું જમણવાર પૂરૂં થઇ ગયા છતાં પણ એ ઠામ આખું ઘીથી ભરેલું રહ્યું હતું.

**તેરા તીર્થ :** અહીં જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના દર્શન આ પ્રતિમા સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત મનાય છે. આ દેરાસરનું પુનઃનિર્માણ વિ.સં.૧૯૧૫માં થયું હતું. અહીં નવ શિખરોની કલા જોવા જેવી છે. આ જિનાલય શેઠ પાર્શ્વમીર રાયમલ, શિવજી વિશરિયા મોતા તથા હિરજી ડોસાભાઈ દ્વારા વિક્રમ સવંત ૧૯૧૫ માં બંધાયેલું છે.

તસવીરોઃ રૂપભ નાગડા (સંકલિત)

# મેડિકલ સમિતિ દ્વારા સંજીવની કેસ નં.૮૨ માટે રૂા.૨.૭૫ લાખ મદદ માટે અપીલ

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 82**

KDO

## DONATION NEEDED!

### DINESHBHAI TOKARSHI SHAH (LALKA)

**Age: 74 - Lala, Dombivli**

**Got Admitted In Hospital In Emergency Due To Sudden Intense Pain, Fever & Nausea.needs Urgent Inguinal Hernia Repair & Cystoscopic Resection Of Prostate (turp) Surgery.**



KDO SANJIVANI

**DONATION REQUIRED**

**Rs.2.75 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**80G Registration number AANTS1160JF20212**

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.


In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

લાલા-ડોંબિવલીના ૭૪ વર્ષીય દિનેશભાઈ ટોકરશી શાહ-લાલકા ૪ ઓગસ્ટના તીવ્ર દર્દ, તાવ અને ગભરામણને કારણે તાત્કાલિક ઈશ્વર ક્રિટિકલ હોસ્પિટલમાં એડમિટ કરાયા છે. ડોક્ટરએ પરીક્ષણ બાદ ઈન્ગવિનલ હર્નિયાની સારવાર અને પ્રોસ્ટેટનું સિસ્ટોસ્કોપિક રીસેકશન (TURP) સર્જરી કરવાની ભલામણ કરી છે. જેને માટે રૂા.૨.૭૫ લાખનો એસ્ટીમેટ ખર્ચ છે.

દિનેશભાઈ લાલકા નિવૃત્ત છે અને પત્ની સાથે રહે છે. સંતાનમાં એક માત્ર પરિણિત પુત્રી છે. તેમની કોઈ બચત નથી. મુંબઈ મહાજન અને ડોંબિવલી મંડળ દ્વારા નિયમિત સહાય મેળવે છે.

વડીલ જ્ઞાતિજનના આફત ભર્યા સમયમાંથી તેમને હેમખેમ ઉગારવા તેઓ સારવાર ઈલાજ મેળવે સુખરૂપ અને સ્વસ્થ થઈ સ્વઘરે પરત જાય એ રીતે સંગઠિત થઈ સહાયરૂપ થઈ એ. કહેવાયું છે કે 'ટીપે ટીપે સરોવર ભરાય. કાંકરે પાળ બંધાય.' સૌના સાથ, સૌના યોગદાન દ્વારા હર વખતની જેમ લક્ષ્ય પાર થશે અને એ પણ બનતી જલ્દીથી એ પણ વિશ્વાસ છે. સંજીવની કેસ માટેનું અનુદાન ૮૦જી અંતર્ગત કર માફીને પાત્ર છે જે માટે દાતાએ પેન કાર્ડ અને આધાર કાર્ડની કોપી જરૂરથી એટેચ્ડ કરવી જરૂરી છે.

# સંજીવની કેસ નં.૮૩ માટે રૂા.૧.૯૦ લાખ મદદ માટે ટહેલ




જખૌ હાલે ડોંબિવલીના રાજેશ રાયચંદ જીવાણી ઉ.વ.૫૯ને રેગ્યુલર છાતીના દુઃખાવાને કારણે ચેકઅપ માટે ડોક્ટરને બતાવ્યું. તેમને કોરોનરી એન્જીયોગ્રાફી માટે સલાહ અપાઈ. એન્જીયોગ્રાફી કરાયા પછી બ્લોકેજ આવવાને કારણે એન્જીયોપ્લાસ્ટી કરવાની સલાહ આપવામાં આવી છે.

થોડા વર્ષ અગાઉ હાર્ટની બાયપાસ સર્જરી થયા પછી તેઓ એકલા રહે છે. કામ છૂટી ગયું છે. કોઈ બચત નથી કે નથી કોઈ વીમાનું પીઠબળ તેમને સર્જરી અને સારવાર માટે રૂા.૧.૯૦નો અંદાજિત ખર્ચ અપાયો છે. રાજેશભાઈ જીવાણીના આ કપરા સમયમાં આપણે આધાર રૂપ થઈને ટેકો આપીએ, બળ પુરું પાડીએ અને તેમને હેમખેમ પણે મુસીબતમાંથી બહાર કાઢીએ.

માનવતાના આ મહાન કાર્યમાં યથોચિત યોગદાન આપી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની આ અણમોલ તક સાંપડે છે તેનો લાભ લઈએ. મેડિકલ સમિતિને આપેલ યોગદાન, અનુદાન ૮૦જી અંતર્ગત ઈન્કમટેક્સ માટે કરમુક્ત છે જે માટે પેન કાર્ડ અને આધાર કાર્ડની ઝેરોક્સ નકલ મોકલવી જરૂરી છે.

# યોગ દ્વારા તંદુરસ્તી મેળવવા મદદરૂપ થતા નમિશા શાહ





કહેવાયું છે કે પહેલું સુખ તે જાતે નર્યા. એટલે શરીર સ્વસ્થ હશે તો મન મસ્ત રહેશે. શરીરની સ્વસ્થતા અને મનની સ્થિરતા યોગ અને પ્રાણાયમના નિયમિત અભ્યાસથી અંકુશમાં રહે છે, પ્રમાણમાં રહે છે. જે નિર્દોષ અને પ્રાકૃતિક છે. આડઅસર વિહોણી દવા જેવા છે. વર્ષ ૨૦૧૫થી દર વર્ષની તા.૨૧ જૂનના અંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત કરાઈ. ત્યારથી વિશ્વ સ્તરે યોગ-પ્રાણાયમના ફાયદા વિષે લોકોમાં જાગૃતિ આવી છે. નવા નવા લોકોએ દરેક ઉમરના યોગ કરવા તરફ વળ્યા છે તો કેટલાક યોગમાં સિધ્ધતા મેળવી યોગ પ્રાણયામ પધ્ધતિસર શીખવાડવા ક્લાસીસ ચલાવે છે અને સ્વરોજગારી રળી આત્મનિર્ભર થયા છે.

આપણી જ્ઞાતિના કચ્છ પરજાઉના નમિશા નિલેશ નાગડા (શાહ)-7977617558 યોગ ટીચર અને ફિટનેસ ટ્રેનર છે. તેમના વ્યવસાય પ્રવાસની શરૂઆતની અથથી ઇતિ માહિતી તેમના મુખે જાણીએ.

યોગ કરવાથી આપણે ખૂબ ફિટ રહી શકીએ છીએ અને તન મનથી તંદુરસ્ત રહી સ્વસ્થતા અનુભવીએ છીએ. યોગ દરેક વયના સ્ત્રી પુરૂષો માટે ઉપયોગી છે. તેનો નિયમિત અભ્યાસ કરવાથી શરીર સ્વાસ્થયની સારો લાભ મળે છે. આજના કૃત્રિમ ખાનપાન અને બેઠાડુ જીવનની અસર લોકોમાં દેખાઈ રહી છે. ખાસ કરીને મહિલા વર્ગ વજન વધવાને લઈને પરેશાન થાય છે. ચિંતીત રહે છે. બીજું મહિલાઓના શરીર હોર્મોન્સમાં ફેરફારને લીધે તેની અસર શારીરિક રીતે અને માનસિક રીતે સ્વભાવમાં અસર થાય છે એ માટે નિયમિત યોગ કરવુ એ નિર્દોષ અને નિઃશુલ્ક ઈલાજ છે. વધતી વય પછી મેનોપોસના સમયગાળામાં સ્ત્રીઓના શરીરમાં મોટા ફેરફાર થાય છે તેને લીધે તકલીફ ભોગવી પડે છે. તે યોગને લીધે દૂર કરી શકીએ છીએ. માત્ર યોગ કરવા માટે થોડો સમય કાઢીને શારીરિક ઉપરાંત માનસિક તકલીફોને મહિલાઓ દૂર રાખી શકે છે. આ ઉપરાંત યોગ અભ્યાસથી પોતે અને પરિવારના સભ્યોને મહિલાઓ ફિટ-હેલ્ધી રાખી શકે છે.

આ ઉપરાંત ખાવા પીવામાં નિયમન રાખવું જરૂરી છે. ડાયટમાં ચેન્જ કરીને સ્વાસ્થ્ય લાભને ઝડપી કરી શકીએ છીએ. એવું નથી કે ડાયટ ફૂડ ખાઈને તેનો ચૂસ્ત અમલ કરીએ. પણ ઘરના ખોરાકમાં ડાયેટ વિષેની સજાગતા રાખીએ, જીભના ચટકાને પ્રમાણ ભાનમાં રાખીએ તો શરીરમાં સુધારો ઝડપી થાય છે. આમ રોજિંદા ખોરાક દ્વારા આપણે ઉપરાંત પતિ, બાળકો અને ઘરના વડીલો પણ સ્વાસ્થ્ય લાભ આસાનાથી પામી શકે છે.

હું છેલ્લા દસ વર્ષથી યોગ શીખતી હતી અને પાંચ વર્ષથી હું પોતે યોગ શીખવાડું છું. ૪૫ વર્ષની એક મહિલાને વર્ટિગોની તકલીફ હતી. તેને યોગાભ્યાસ દ્વારા માત્ર બે મહિનામાં વર્ટિગોની તકલીફમાં ઘણો ફાયદો થઈ ગયો. બીજા એક બેન ૬૦ વર્ષની ઉપરના તેઓ વ્રજાસનમાં બેસી ન શકતા હતા. ખમાસણા આપી શકતા ન હતા. મારી પાસે યોગ શીખી તેઓ સ્વસ્થતા મેળવી અને ખમાણસ કરી શકે છે. વ્રજાસનમાં તેઓ કોઈ તકલીફ વગર બેસી શકે છે.

**વ્યક્તિનો વિકાસ જ્ઞાતિની પ્રગતિ**

# યોગ દ્વારા તંદુરસ્તી મેળવવા મદદરૂપ થતા નમિશા શાહ

દરરોજ સૂર્ય નમસ્કાર આસન કરવાથી ઓમનો ઉચ્;ચારણ, પ્રાણાયમ કરવાથી ફિટ રહી શકાય છે. કપાલ ભાતિ કરવાથી પણ સારો ફાયદો મળે છે જે ઘર બેઠા રોજ રોજ નિયમિત કરવા જરૂરી છે. યોગાભ્યાસ શીખીને પછી ઘર બેઠા એકલા કરી શકો છો અથવા ગ્રુપમાં, ક્લાસમાં જઈ કરવાથી અન્યોના લાભ અને અનુભવથી જ્ઞાત થઈ શકાય છે. તે સિવાય અમુક આસન જે આપણે ન કરી શકતા હોઈએ કે આપણને મુશ્કેલ જેવા લાગે તે પણ બીજાને કરતા જોઈને તેમનામાંથી પ્રેરિત થઈ આપણે કરી શકીએ. આમ ટફ લાગતા આસનો પછી સહેજ રીતે આપણે કરી શકીએ છીએ. આમ આ ફાયદો સમૂહ વર્ગમયાં કરવાથી થાય છે.

લોકડાઉન સમય કાળમાં મારૂં ૧બીએચકેનું ઘર હોવાથી એ સમયે મારા પતિનું વર્ક ફ્રોમ હોમ શરૂ હતું. એન્જિનિયરનો અભ્યાસ કરતો પુત્રના ક્લાસ પણ ઓનલાઈન હતા ત્યારે મને યોગ ક્લાસ માટે ઘણી મુશ્કેલી થઈ. યોગ ક્લાસ માટે પણ ઘણી ઓફ઼ મને આવી ત્યારે અમારી બિલ્ડીંગના પ્રમિલાબેન મૈશેરી, લતાબેન શિયાલ, જલ્પાબેન લોડાયા વિગેરેએ મારી ઘણી હેલ્પ કરી. જ્યારે મેં તેમને યોગા કરવા છે એવું કહ્યું ત્યારે પોતાના ઘરની ચાવી વિશ્વાસભેર સોંપી દીધી મને હેલ્પ ફૂલ થયા અને કામ આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું. હું તેમનો ઘણો શુક્ર ગુજાર વ્યક્ત કરૂં છું. એમની મદદ મને ઘણી ઉપયોગી થઈ.

હાલે અમારી બિલ્ડીંગમાં નવી સોસાયટી થઈ છે. જેના નવા હોદ્દેદારો નિમાયા છે. તેમને પણ મેં અરજી આપી છે કે બિલ્ડીંગનો રેફ્યુજી એરિયા મને યોગ પ્રશિક્ષણ કરાવવા માટે મંજૂરી આપે જેથી બિલ્ડીંગની બહેનોને આ ઉપયોગી થઈ શકે અને પોતાની ફિટનેસ જાળવી શકે. એવી જ રીતે આપણા જીવીસી સંઘના પ્રમુખ સમીરભાઈ નાગડા પણ પોતે મને હૈયાધારણા આપી છે કે તમે યોગા કરાવો શીખવાડો આપણે કંઈક રસ્તો કરી આપશું. યોગ કરવાથી શરીરની અંદર અને બહારની તકલીફ હોય તેનું શમન થાય છે, ઈલાજ થાય છે.

હું પાવર યોગા, સાદું યોગા, પ્રાણાયમ સૂર્યનમસ્કાર બધું કરાવું છું. એક કલાકની અવધિમાં જે વિવિધ એક્સસાઈઝ હોય એ કરાવું છું. સૌને પરવડી રહે એ માટે મારી ફી પણ એકદમ વ્યાજબી રાખું છું જેથી દરેકને વાંધો ન આવે. આમ નિયમિત યોગાભ્યાસ દ્વારા મહિલા પોતાના શરીર અને મનની તંદુરસ્તી સુલભ રીતે મેળવી શકે. પરિવાર અને સંતાનો પાછળ પોતાની તબિયતની કાળજી ન રાખતી ગૃહિણીઓ પોતાના શરીર પ્રત્યે સજાગ રહે એ જ મારી તેમને સલાહ છે.

## વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મુલુંડની વાર્ષિક સામાન્ય સભા માટે સૂચના

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળની એન્યુઅલ જનરલ મિટીંગ રવિવાર તા.૪ સપ્ટેમ્બર સવારના ૧૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ દેવપુંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (પશ્ચિમ) મધે યોજાશે. વાર્ષિક સામાન્ય સભા માટેનો એજન્ડા ૧) તા.૯ જાન્યુ. ૨૦૨૨ના મળેલ ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટનું વાંચન અને બહાલી. ૨) મંડળની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત. ૩) મંડળના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ઓડિટેડ હિસાબોની રજૂઆત અને ઓડિટર રીપોર્ટનું વાંચન અને મંજૂરી. ૪) ઓડીટરની નિમણૂંક. ૫) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે.

ખાસ નોંધ : ૧) ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કોરમના અભાવે મુલત્વી રહેશે તો તેવી મુલત્વી રહેલ સભા તે જ સ્થળે અને તે જ દિવસે અડધા કલાક બાદ એટલે કે સવારે ૧૦.૩૦ કલાકે ફરી મળશે અને તે જ કાર્યસૂચિ મુજબનું કાર્ય હાથ ધરી શકશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસર ગણાશે. ૨) હિસાબી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના વર્ષના ઓડિટેડ એકાઉન્ટ હિસાબો ગુરૂવાર તા.૧-૯-૨૦૨૨ તથા શુક્રવાર તા.૨-૯-૨૦૨૨ના રાતે ૯ થી ૧૦ કલાક દરમ્યાન મંડળના સભ્યોને જોવા માટે ખુલ્લા રાખવામાં આવશે. જે સભ્યોને હિસાબો બાબતે કંઈ ખુલાસા જોઈતા હોય તેમણે શુક્રવાર તા.૨-૯-૨૦૨૨ના રાતના ૧૦ વાગ્યા સુધીમાં મંડળના મંત્રીઓને લેખિતમાં અથવા ઈ-મેઈલ kdojsm@gmail.com દ્વારા જણાવવા.

રવિવાર, તા.૩૧ જુલાઈ ૨૦૨૨ સુધીમાં મંડળના રોલપત્રક રજીસ્ટરમાં નોંધાયેલ સભ્યો જ આ સભામાં ભાગ લઈ શકશે. આ સૂચના મંડળના માનદ્‌મંત્રીઓ જીજ્ઞેશ કુંવરજી મોતા અને રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા દ્વારા જાહેર કરાઈ છે.

---

## પ્રધાનમંત્રી યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત મેરીટ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટેના ફોર્મ

ધોરણ ૯ થી ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી યશસ્વી શિષ્યવૃત્તિ યોજના હેઠળ પરીક્ષા પાસ કરી મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને રૂા.૭૫ હજાર થી રૂા.૧.૨૫ લાખ સુધી સ્કોલરશીપ આપવામાં આવે છે. જે માટે ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૬ ઓગસ્ટ છે. પરીક્ષા પાસ કરી મેરીટ કલાસમાં આવનાર વિદ્યાર્થીઓને જ આ સ્કોલરશીપ મળે છે.

ફોર્મની માહિતી અને ઓનલાઈન ફોર્મ લીંક https://bit.ly/3oX2Bwt ઉપર ક્લિક કરવું.

---

## કચ્છ એક્સપ્રેસમાં ચોરીના વધતા બનાવો રોકવા પ્રબોધ મુનવરની વેસ્ટર્ન રેલવેના ડીઆરએમ પાસે માંગ

તા.૩૧ જુલાઈ રવિવારે ભુજથી બ્રાંદ્રા ટર્મિનસ માટે રાતે ૮.૧૫ વાગે ઉપડેલ કચ્છ એક્સપ્રેસમાં મુસાફરી કરી રહેલા અબડાસાના સાંધવ ગામના ગોવિંદજી લાલજી પટેલની બેગ અમદાવાદ મધે મધરાતે ૩ વાગે ચોરાઈ હોવાની જાણ થઈ ચોરાયેલી બેગમાં ૩૦ હજાર રૂા. રોકડા, બેંક કાર્ડ તથા અગત્યના ડોક્યુમેન્ટસ હતા. છેલ્લા ઘણા સમયથી કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાં ચોરીના બનાવો વધી રહ્યાં છે. મહિલાઓના પર્સ, મોબાઈલ, દાગીના અને સામાન ચોરીના બનાવો સામે કડક પગલાં લેવા ડિવીઝનલ રેલ્વે યુઝરર્સ કન્સલ્ટીવ કમીટી DRUCC ના સભ્ય અને સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી પ્રબોધ હીરાચંદ મુનવરે DRUCC ડિવીઝનલ રેલવે મેનેજરને અમદાવાદ પત્ર પાઠવી રજૂઆત કરી છે.

---


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગદગ તીર્થના શ્રી ચિંતામણિ પાર્શ્વધામ જિનાલયની ૧૦૮મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસથી યોજાયો







કર્ણાટક પ્રદેશના ગદગ નગર તીર્થના શ્રી ચિંતામણિ પાર્શ્વધામની ૧૦૮મી વર્ષગાંઠ નીમિત્તે ધ્વજા મહોત્સવ પ્રસંગે તપગચ્છના પ.પૂ.સાધ્વીશ્રી સુરેખાશ્રીજી મ.સા.ની નિશ્રામાં હર્ષોલ્લાસ સાથે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ. ત્રિહાન્હિકા મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી જ્યોતિબેન જિતેન્દ્ર ઝવેરચંદ ધરમશી કોઠારા હાલે ડોંબિવલી.

# કોઈમ્બતુર જિલ્લા બીજેપીના ઈતર ભાષીય વિભાગના વાઈસ પ્રેસિડન્ટ તરીકે મનિષ મોમાયાની વરણી થઈ



વરાડીયા હાલે કોઈમ્બતુરના શ્રી મનિષ પ્રવીણભાઈ મોમાયાની વરણી કોઈમ્બતુર જિલ્લા ભાજપ પક્ષની ઈતર ભાષા વિભાગના વાઈસ પ્રેસિડન્ટ તરીકે વરણી કરાઈ છે. વ્યવસાયે કોટન કમિશન એજન્સી તરીકે વ્યવસાય ધરાવે છે. તેઓ કેડીઓ જૈન મહાજન કોઈમ્બતુરના માનદ્‌મંત્રી તરીકે કાર્યરત છે. આ નિમણુંક બદલ હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યમાં સમાજ અને રાજકાણ ક્ષેત્રે ઉચ્ચતમ શિખરો સર કરો એ જ શુભેચ્છા.

# માટુંગા સંઘમાં પ્રભુજીને રાખડી બાંધવાનો આયોજન પ્રથમવાર કરાયું





તા.૧૧ ઓગસ્ટ ગુરૂવારના રોજ શ્રી માટુંગા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી ધ્યાનગુણાશ્રીજી મ.સા. નિશ્રામાં પ્રભુજીની બહેન બની રાખડી બાંધવાનો સંઘમાં પ્રથમ વખત કાર્યક્રમ યોજાયો.

સાથોસાથ વિધિકાર વિરલભાઈ છેડાના સથવારે સ્નાત્ર મહોત્સવનું આયોજન અદ્‌ભૂત ભાવ સાથે રાખવામાં આવેલ.

# સાંધવે નગરે શ્રી શાંતિનાથ દાદાની શીતલ છાયામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

તા.૧૧ ઓગસ્ટ ગુરૂવાર શ્રાવણ સુદ પર્વ દિને સાંધવ નગર સંઘમાં શ્રી શીતલનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની શુભ નિશ્રામાં રક્ષાબંધન પર્વની ધર્મભાવ આરાધના સાથે ઉજવણી થઈ.

વિશ્વ વાલેશ્વર શ્રી શાંતિનાથ પ્રભુ લૌકિક પર્વના દિવસે ભાઈ-બેનની રક્ષા કરે છે તેમ આપથી તો સારો કોઈ રક્ષક છે જ નહીં એવા અન્યથા શરણ નાસ્તિ તામંય શરણમ મમ તસ્માત કરૂણા ભાવેન રક્ષ રક્ષ જિનેશ્વર.

શ્રાવણ સુદ પૂનમે રક્ષા માટે ઋષિમંડલાદિમહાજન સ્ત્રોતના ગાન સાથે શાંતિનાથ દાદાની સ્તવના ધૂન સહ રક્ષા પોટલી પ્રભુને બાંધી આવતી કાલે એ રક્ષા પોટલી અમારા જીવનમાં શીલ સદાચારના સંસ્કારોને ઉદિત કરો એ જ પ્રાર્થના શુભ ભાવના પૂર્ણ અભ્યર્થના વ્યક્ત કરાઈ હતી.

# ખંડવા સંઘમાં મહાવિદેહ ક્ષેત્રની ભાવયાત્રા અનન્ય ભાવ સાથે થઈ





મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પરમ નિશ્રામાં મહાવિદેહ ક્ષેત્રની ભાવયાત્રાનો કાર્યક્રમ યોજાયો.





# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં મહામંત્ર નવકાર ભાષ્ય જાપનો ૨૪મો મણકો યોજાયો

તા.૭ ઓગસ્ટ રવિવારના સવારે ૭ કલાકથી ડોંબિવલી સંઘના સુવિધનાથ જિનાલયના કલ્પતરૂ ભવનમાં પૂ.જયંતભાઈ રાહીના શિષ્ય જિજ્ઞેશ જે. નાગડા તેમજ ખુશાલ દેઢિયાના સંગાથે મહામંત્ર નવકારના ભાષ્ય જાપનો ૨૪મો મણકો અનેરા ઉત્સાહ ભાવ સાથે થયો. જાપ અનુષ્ઠાનમાં આરાધકો શ્વેત વસ્ત્રો પરિધાન કરી ધર્મ લાભ પામવા જોડા હતા.

જાપના દાતા પરિવાર માતુશ્રી સુશીલાબેન ગિરીશ દામજી મૈશેરી રાપરગઢવાળી તથા એક સદગૃહસ્થ પરિવાર ડોંબિવલી હતા.

# વડોદરા સંઘમાં શ્રી ગિરીરાજ સોળ ઉધ્ધારક અનુષ્ઠાન ધર્મ આરાધના કરાઈ






શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિ મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી ગિરીરાજ સોળ ઉધ્ધારક અનુષ્ઠાનની ધર્મ આરાધના અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે ભાવિકજનોની ઉપસ્થિતમાં કરાઈ હતી.




# શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે ભારત સરકારની માઈનોરેટી માટે લાભકારી સ્કોલરશીપ સ્કીમ

લઘુમતિ જાતિ માટે પ્રી અને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટેની અરજી તા.૧ ઓગસ્ટ ૨૦૨૨થી ઓનલાઈન કરી શકાશે. જે માટે http://www.scholarships.gov.in ઉપર લોગ ઈન કરવું. ડાઉનલોડ કરવું અને સ્કૂલ, કોલેજમાં રજૂ કરવું. એપ્લિકેશન સાથે સદર ડોક્યુમેન્ટ રજૂ કરવા માટે તૈયાર રાખવા. • વિદ્યાર્થીનો ફોટો • એડ્રેસ પૂરાવો • ફી રસીદ • માર્કશીટ • આધારકાર્ડ • કોમ્યુનિટી સર્ટિફિકેટ (Self deceleration) • જરૂરી ઓથોરીટી દ્વારા ઈસ્યુ થયેલ ઈન્કમ સર્ટિફિકેટ • બેંક એકાઉન્ટ નંબર બેંક નામ શાખા સાથે IFSC Code • વધુ વિગત માટે સંપર્ક કુણાલ ડાઘા-૭૫૬૭૧૧૮૫૯૯. ફોર્મ કેવી રીતે ભરવું તેની લીંક https://youtu.be/XikewIFoo-w આમાં જોઈ શકો છો.

# યવતમાલ સંઘમાં ચર્તુવિધ સંઘની ઉપસ્થિતમાં પ્રવચન વ્યાખ્યાન યોજાયો





યવતમાલ નગરમાં સર્વે ધર્મ સ્થાનોમાં ચાતુર્માસિક આરાધના મોટા ઉત્સાહ સાથે થઈ રહી છે. સૌ જૈનો એક સાથે ધર્મ આરાધનામાં જોડાઈ લાભ લઈ શકે એવા સંકલ્પ સાથે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ યવતમાલ એવમ શ્રી જૈન સેવા સમિતિ યવતમાલ આ માટે પ્રયત્નશીલ છે.

આવા પ્રયાસને આગળ વધારવા કાજે તા.૭ ઓગસ્ટ રવિવારના સવારે ૮.૩૦ વાગે કેસરિયા ભવનના નરશીનાથા મંડપ પરિસરમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં પ્રવચન રાખવામાં આવેલ.

શ્રમણ સંઘના ઉપપ્રર્વતક પ.પૂ.અક્ષયઋષિજી મ.સા. આદિ ઠાણા ૩ના પ્રવચન મૂર્તિપૂજક સંઘના સાધ્વીશ્રી ભગવંત પ.પૂ.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની ઉપસ્થિતમાં યોજાયેલ આ પ્રવચન વ્યાખ્યાનમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા અને મનનીય ભાવ સાથે સંતોની વાણીનો મધુર લાભ લીધો હતો.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# માંડવી સંઘના ઉપક્રમે ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ રંગે ચંગે ઉજવાયો



માંડવી અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે રવિવાર, તા.૩૧ જુલાઈ થી ૨ ઓગસ્ટ મંગળવારના ત્રિદિવસીય ગુણોદય ગુરૂ, પછી પર્વોત્સવનું દિપ પ્રાગટય મુમુક્ષુ રાજુભાઇ, મુમુક્ષુ જન કલ્યાણ કુમારીકા જયોતિબેન, મેડીકલ સોસાયટીના પ્રમુખ કીરણભાઇ સંઘવી, સંઘ પ્રમુખ મથુરભાઈ શાહ સહિતનાઓના હસ્તે જૈન પુરી મધ્યે કરવામાં આવેલ.

જૈનાચાર્ય જિનશાસન શિરોમણી તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ના વિદેહ ગમન દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે ઉપાધ્યાય પ.પ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., વિ પ.પૂ. શ્રી રાજરતસાગરજી મ.સા., પ.પુ. શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ. શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. પ્રવર્તક પૂ. શ્રી પૂર્યોદયસાગરજી મ.સા., પૂ. શ્રી અનંતરવસાગરજી મ.સા., પ.પૂ. શ્રી ચારૂપ્રશાશ્રીજી મ.સા., પ.પૂ. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી હર્ષદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણાને ૪, પ.પૂ. સા. શ્રી રશ્મિનાજી મહાસતીજી, પ.પુ.સા. શ્રી હંસાકુમારી મહાસતીજી, પ.પુ. ઉષાબાઈ મહાસતીજી, આદિ શ્રમણ શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં વિવિધ અનુષ્ઠાનો સમસ્ત જૈન સમાજની ઉપસ્થિતીમાં યોજાયેલ પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.એ મંગલાચરણ કરેલ. ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.એ ૩ મંગલાચરણ કરેલ. પ.પૂ. શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ ત્રિદિવસીય મહોત્સવની વિસ્તૃત માહિતી આપી લાભ લેનાર પરિવારોની અનુમોદના કરી પૂજય ગુરૂદેવના ગુણગાન રજૂ કરી મહોત્સવનો મહત્વ સમજાવેલ.

સવારે ૮.૩૦ કલાકે પરમાત્માશ્રી તેમનાથ ભગવાનના જન્મ દિશા કલ્યાણક નિમિત્તે ભવ્ય રથયાત્રા શહેરના મુખ્ય માર્ગો છાપરાશેરી, કે.ટી. શાહ રોડ, સોના ચાંદી બજાર. અપના બજાર, મહાવીર સ્વામી જિનાલય, આઝાદ ચોક થઈને જૈન પુરી મહોત્સવ નગરીમાં પહોંચેલ. શોભાયાત્રામાં પૂ. ગુરૂ ભગવંતો સાધ્વીજી ભગવંતો, બેન્ડ પાર્ટી, ૧૪ સ્વપ્ન લઈ બાંધણીમાં મહિલાઓ, નેમનાથ પ્રભુ જન્મ કલ્યાણકના રાજ દરબારીઓ વિવિધ બગીઓમાં બિરાજી આગવું આકર્ષણ ખડું કરેલ તેમજ જૈન જાગૃતિ સેન્ટરના યુવાનોએ એક સરખા ડ્રેસમાં આવી શોભયાત્રાની આબેહુબ વ્યવસ્થા કરેલ. રમેન્દ્રભાઇ શાહ (મમાભાઇ) એ શોભાયાત્રા દરમ્યાન આગવું નૃત્ય રજૂ કરી ઉપસ્થિતોને ભાવ વિભોર બનાવી મૂકેલ. માર્ગમાં ગુરૂજી અમારો અંતર્નાદ અમને આપો આશીર્વાદના ગગન ભેદી નારોઓથી શહેરના માર્ગો ગુંજી ઉઠેલ. જૈન પુરી મધ્યે સોર્સીલ શાહ સંગીતકારના સથવારે રાજ દરબાર, ૧૪ સ્વપ્ન દર્શન, ૫૬ દિક કુમારીકા મહોત્સવ તથા મેરૂ પર્વત અભિષેકનું વિશિષ્ટ આયોજન કરવામાં આવેલ હતું. ઉપાધ્યાય પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ ગુરૂદેવની દ્વિતીય પૂણ્યતિથિ અવસરે

# માંડવી સંઘના ઉપક્રમે ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ રંગે ચંગે ઉજવાયો

પરમાત્માના જન્મ ઉત્સવમાં ભગવાને આપેલા જગતને પરમ વૈરાગ્ય ત્યાગ અને કરૂણાના ઉપદેશની વાત તથા ભર યૌવને રાજી મતીના ત્યાગની કથા કરી હતી. કલ્યાણકનો દિવસ આખા જગતનું કલ્યાણ કરે છે તેવું જણાવેલ. નેમનાથ જન્મ કલ્યાણકમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવામાં માતાપિતા જયોતિબેન અરવિંદભાઇ ગાલા, ઈન્દ્ર ઈન્દ્રાણી પંડિતજી તથા દિપ્તીબેન, મંત્રીશ્વર મંજરીબેન મયુરભાઈ શાહ, નગર શેઠ ભાનુબેન હર્ષદભાઇ શાહ, ખજાનચી કુસુમબેન મહેશભાઇ શાહ, સેનાપતિ પ્રતિમાબેન સંદિપભાઈ કાંતીલાલ પટવા, ઈશાનેન્દ્ર ચંદ્રીકાબેન પારસભાઇ શાહ, અચ્યુતેન્દ્ર મધુબેન ભુજંગીભાઈ સંઘવી, પ્રિયવંદાદાસી હેતલબેન દર્શનભાઇ લાલન, રાજ જ્યોતિષ તલકશીભાઈ ધનજી વીરા તથા મન નાગડા, હિરણગમૈષીદેવ જીનયકુમાર ભૌતીકભાઈ શાહ, છડીદાર દિપ લાલન તથા હર્ષ શાહે ભાગ લઈ આગવું આકર્ષણ ખડું કરેલ. આ પ્રસંગે મયુરભાઇ શાહ, ચંદ્રેશભાઈ શાહ, રાજુભાઇ શાહ, ભાવીનભાઇ શાહ, પુનિતભાઇ ભાછા, અશોકભાઇ શાહ, કીરણભાઇ વાડીલાલ સંઘવી, વાડીલાલભાઈ દોશી, મેહુલભાઇ શાહ, પારસભાઇ સંઘવી, લાંતીકભાઇ શાહ, દિનેશભાઇ એમ. શાહ બીપીનભાઇ વિગેરે તમામ સંઘસમાજના અગ્રણીઓ ભાઇ બહેનો મોટી સંખ્યામાં જોડાયેલ. સમસ્ત જૈન સમાજ માટે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ હતું.

ત્રિદિવસીય મહોત્સવની સંપૂર્ણ સાધર્મિક ભકિતનો લાભ પરમ ગુરૂભકત શેઠશ્રી કલ્યાણજી ગંગાજર ભગતના આત્મશ્રેયાર્થે શ્રી આરવ વિણાબેન વસંતભાઇ ભવાનજી શાહ પરિવાર મુન્દ્રા કચ્છ ભગત જવેલર્સ દાદારવાળા એ લીધેલ હતો. મહોત્સવની નગરીનો લાભ માતુશ્રી વીરાબેન વીરમ દેવશી રીટા પરિવાર લાકડીયા, હસ્તે રતનબેન જયંતીભાઇ રીટાએ લીધેલ હતો. મહોત્સવની જિન ભકિત અનુષ્ઠાનનો લાભ માતુશ્રી વીરાબેન વીરમ દેવશી રીટા પરિવાર લાકડીયા હસ્તે ચંપાબેન નવીનભાઇ રીટાએ લીધેલ હતો. મહોત્સવના શુભેચ્છક લાભાર્થીનો લાભ માતુશ્રી ચંપાબેન હંશરાજ હસ્તે હસુમતીબેન હીરાલાલ ડાધા પરિવાર વરાડીયા તથા માતુશ્રી કેસરબેન કુંવરજી પેથરાજ ગાલા હસ્તે જયોતિબેન અરવિંદભાઈ ગાલા રાજેશ્વરી મેડીકલ સ્ટોર વાળાએ લીધેલ હતો. નગર સેવા સદનના સેનીટેશન વિભાગે શોભાયાત્રા દરમ્યાન સફાઇ તથા પોલીસ દ્વારા ટ્રાફીક વ્યવસ્થા ઉડીને આંખે વળગતી હતી.અચલગચ્છ જૈન સંઘની કારોબારી કમીટીના માર્ગદર્શન હેઠળ કાર્યકરો, મહિલા મંડળોની બહેનોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



રાજેન્દ્ર ગોસર
તા.૭ ઓગસ્ટ (ઉ.૬૦)
ગોએરસમા-વિરાર



વિજય ખોના
તા. ૭ ઓગસ્ટ (ઉ.૬૪)
સુથરી-અમદાવાદ



સુરેશ લોડાયા
તા.૧૧ ઓગસ્ટ (ઉ.૭૪)
દલતુંગી-મુલુંડ



વિમલા ગોસર
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૭૨)
બાયઠ-હૈદ્રાબાદ



પ્રતિક છેડા
તા.૧૨ ઓગસ્ટ (ઉ.૩૩)
નલિયા-શિહોર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● સાચા ફૂલ અને પાંદડા પર પ્રિન્ટ કરવાનું તદ્દન અશક્ય કામ કચ્છ ઐડાના વતની અને હાલે ખારઘર-નવી મુંબઈના ભાનુશાલી અશોક વેલજી મંગે અને તેમના પત્ની કવિતા રીઅલ ફૂલ અને પાંદડા પર આર્ટ કરે છે. અયોધ્યામાં શ્રીરામ મંદિરના ભૂમિપૂજન વખતે એમણે ચિત્રાંકન કરેલા ફૂલોનો ઉપયોગ કર્યો હતો. જેની નોંધ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીધી હતી. હવે ભાનુશાલી દંપતિ અયોધ્યાના શ્રીરામ મંદિર પરિસર અને કાશી વિશ્વનાથ મંદિર બનારસ પરિસરમાં પોતાની કલાથી સુશોભિત કરશે તેમના આ વિશિષ્ટ કળાની કદર ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથજીએ કરી છે. ગુજરાતના મુખ્યપ્રધાન સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં સુશોભન કરવા બાબતે ચર્ચા કરી છે.

● ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના રાંતેજ ગામમાં વાર્ષિક શાળા પ્રવેશોત્સવ નિમિત્તે ગયેલા રાજ્યના શિક્ષણ પ્રધાન જીતુભાઈ વઘાણીનું બહુચરાજીની મૂર્તિ આપીને અભિવાદન કરવાની જવાબદારી ગામના સૌ પ્રથમવાર ચૂંટાયેલા મહિલા સરપંચ મીનાબેન ઝાલાને આપવામાં આવી હતી. મીનાબેન પરંપરાગત વસ્ત્રો પહેરી અન્ય મહિલાઓ સાથે સ્ટેજ પર ગયા હતા. અભિવાદન કરવા પહેલા તેમને શિક્ષણ પ્રધાને મોં પરથી આવરણ દૂર કરવાનો આગ્રહ રાખતા ઉપસ્થિત મેદનીને આશ્ચર્ય થયું હતું. પ્રધાન જીતુભાઈ એ આ પહેલા કહ્યું હતું કે વડીલો મંજૂરી આપે તો હું મીનાબેનને પરંપરામાંથી બહાર આવવાની વિનંતી કરું. જો પ્રેક્ષક ગેલેરીમાંથી વિરોધઘનો સૂર ઉઠ્યા હતો કે સાહેબ અમે દરબાર છીએ. ત્યારે પ્રધાને ત્વરીત ઉત્તર આપ્યો કે આમાં જ્ઞાતિને કોઈ લેવા દેવા નથી. માત્ર મર્યાદા સમજી શકાય પણ તમે જ્યારે સરપંચ હો જન મુખીયા હો ત્યારે દરેક પરંપરાઓમાંથી બહાર આવવું જોઈએ. બહાર નજર નાખોને જુઓ વિશ્વ કયાં પહોંચ્યું છે. રીવાજ ખરાબ નથી પરંતુ આપલે સમયની સાથે બદલાવવું જોઈએ. સ્ટેજ પર હાજર અન્ય વડીલો પ્રધાનની વાત સાથે સંમત થતા નો ઈશારો સમજી મહિલા સરપંચ મીનાબાએ ચહેરા પરથી થોડું આવરણ હટાવ્યું અને અંતે કહ્યું કે પ્રધાન સાચા છે. આ પરંપરામાંથી બહાર આવવાની જરૂર છે. આપણે ઘરે આવરણ રાખીએ પણ બહાર આવી એ ત્યારે સમયની સાથે તાલ મેળવી આગળ વધવું જોઈએ.

● ભુજની ૭ વર્ષી બાળા હર્ષિ પ્રજ્ઞેશભાઈ જરાદીએ નાની વયે સામાન્ય જ્ઞાનમાં વધારો કરી માત્ર ૩૦ સેકન્ડમાં નકશાની અંદર ૮૨ દેશને ઓળખી બતાવી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના જિલ્લા પ્રતિનિધિ મિલન સોની અને દેવ્યાની સોનીની હાજરીમાં આ રેકોર્ડ બનાવ્યો હતો તેને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાઈ હતી.

● ભારત સરકારના રેલવે વિભાગની એક સ્ટેશન એક વેચાણની યોજના હેઠળ ભુજના રેલવે મથકે કચ્છના સ્થાનિક કારીગરોની હસ્તકળાની વસ્તુઓનું વેચાણ થઈ શકે એ માટે રેલવે સ્ટેશને રેલ પ્રશાસને આ સ્ટોલ ક્રમાનુસાર આપવામાં આવ્યો. દર પંદર દિવસે જુદા જુદા કચ્છના કારીગરોને આ સ્ટોલ ક્રમાનુસાર આપવામાં આવશે.

● ભુજના વડનગરા નાગર મહિલા મંડળ દ્વારા હાટકેશ કોમ્પલેક્ષ ખાતે તેલ વગરના અથાણા બનાવવાની સ્પર્ધા યોજાઈ જેમાં ૩૧ મહિલાઓએ હોંશભેર ભાગ લીધો હતો. વિવિધ કેટેગરીમાં ૧૦ વિજેતા બહેનોને તથા સહભાગ થયેલ સૌ બહેનોને પ્રોત્સાહક ઈનામો અપાયા.

● કચ્છી માડુઓની ઈમાનદારી અને પ્રામાણિકતાનો ડંકો દેશ વિદેશમાં વાગી રહ્યો છે ત્યારે સરકારી તંત્રને ભરવાના થતાં સરકારી લેણ ભરવામાં કચ્છીઓ પાછળ નથી. કચ્છમાં નોંધાયેલ જાહેર ટ્રસ્ટ અને સંસ્થાઓને મળતી આવકમાંથી વર્ષના અંતે ફાળાની રકમ નાયબ ચેરિટી કમિશનરની કચેરીમાં ભરપાઈ કરવાની હોય છે. આ રકમનો આંકડો દર વર્ષે દોઢ કરોડની આસપાસ રહે છે. પરંતુ નિયમિત ફાળો ભરવામાં કચ્છ જિલ્લો રાજ્યમાં અમદાવાદ જિલ્લા પછી બીજા ક્રમે આવે છે. કચ્છમાં નવ હજારથી વધુ ટ્રસ્ટ નોંધાયેલા છે. તેમાંના પાંચ હજાર તો સાવ બંધ હાલતમાં જ મળે છે. બાકીના ચાર હજાર ટ્રસ્ટોના ઓડિટ રિપોર્ટ અત્રે નિયમિત મળે છે.

# ઉદાર હાથે સહાય કરો અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

- વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.
- પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.
- કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

**ARIHANT BANK**
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

**વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.**

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર<br>86526 30384 | માટુંગા (સે.રે.)<br>86526 30389 | ઘાટકોપર<br>86526 30383 | ભાંડુપ<br>86526 30381 | મુલુંડ<br>86526 30382 |
| થાને<br>86526 30388 | ડોંબીવલી<br>86526 30386 | બોરીવલી<br>86526 30390 | મોહીલી વિલેજ<br>86526 30385 | વાશી<br>86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)